# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-04-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

********************************************************

**1)** રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ઇમિગ્રેશન એન્ડ ફોરેનર્સ બિલ 2025 અને બૉયલર બિલ 2024ને મંજૂરી આપી.

**2)** ભારત અને શ્રીલંકા વચ્ચે અનેક સમજૂતી કરાર – પ્રધાનમંત્રી મોદીને શ્રીલંકા મિત્ર વિભૂષણ પુરસ્કાર એનાયત.

**3)** કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે છત્તીસગઢના રાયપુરમાં નક્સલ વિરોધી અભિયાનની સમીક્ષા કરશે.

**4)** જમ્મુ અને કાશ્મીરમાં આંતર -રાષ્ટ્રીય સરહદ પર સુરક્ષા દળોએ એક પાકિસ્તાની ઘુસણખોરને ઠાર કર્યો

**5)** ભારતીય મુક્કેબાજ અભિનાશ જામવાલ 2025 વિશ્વ મુક્કેબાજી કપની ફાઈનલમાં બ્રાઝિલનાં યૂરી રીસ સામે રમશે

..............................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PREZ BOILERS ACT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ઇમિગ્રેશન એન્ડ ફોરેનર્સ બિલ 2025 અને બોયલર બિલ 2024ને મંજૂરી આપી છે. બોયલર બિલનો ઉદ્દેશ બોયલરનું નિયમન કરવાનો અને વરાળ બોયલર વિસ્ફોટના જોખમથી જીવન અને મિલકતની સલામતી સુનિશ્ચિત કરવાનો છે. આ કાયદાથી 100 વર્ષ જૂના બોયલર અધિનિયમ 1923 રદ થઈ ગયો છે. આ કાયદો દેશભરમાં બોયલરોના ઉત્પાદન , સ્થાપન અને ઉપયોગ દરમિયાન નોંધણી અને નિરીક્ષણ પ્રક્રિયાઓમાં એકરૂપતા પૂરી પાડે છે.

જ્યારે ઇમિગ્રેશન એન્ડ ફોરેનર્સ બિલ 2025નો ઉદ્દેશ ઇમિગ્રેશન કાયદાને આધુનિક બનાવવાનો છે. તે પાસપોર્ટ , મુસાફરી દસ્તાવેજો, વિઝા અને નોંધણીના સંદર્ભમાં કેન્દ્ર સરકારને કેટલીક સત્તાઓ પ્રદાન કરવાની જોગવાઈ કરે છે. આ બિલ કાયદાની વિવિધતાને ટાળવા માટે લવાયું છે.

. . . . . . . . . . . . . . .

# P - PREZ. VISITS WITH V/C

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મું 7 થી 10 એપ્રિલ દરમિયાન પોર્ટુગલ અને સ્લોવાકિયાની મુલાકાતે જશે. વિદેશ મંત્રાલયના સચિવ તન્મય લાલે પત્રકારોને જણાવ્યા પ્રમાણે શ્રીમતી મુરમું પોર્ટુગલના રાષ્ટ્રપતિ માર્સેલો રેબેલો ડી સોસા સાથે મુલાકાત કરીને પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરશે. તેઓ પોર્ટુગલના પ્રધાનમંત્રી  લુઈસ મોન્ટેનેગ્રો અને રાષ્ટ્રીય સભાના પ્રમુખને   પણ મળશે. શ્રીમતી મુર્મું તેમના સ્લોવાકિયાના પ્રવાસ દરમિયાન સ્લોવાકિયાના રાષ્ટ્રપ્રમુખ અને પ્રધાનમંત્રી  સાથે દ્વિપક્ષીય બેઠકો કરશે.

પ્રસ્તુત છે એક અહેવાલ

(વોઈસ કાસ્ટ – મૂકેશ કુમાર)

. . . . . . . . . . . . . . . .

# PM SRILANKA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખ અનુરાકુમારા દિસાનાયકેની ઉપસ્થિતિમાં સંરક્ષણ સહકાર , આરોગ્ય અને ચિકિત્સા સહિતના ક્ષેત્રમાં સમજૂતી કરાર કરાયા. જ્યારે ઊર્જા ક્ષેત્રમાં ભારત , સંયુક્ત આરબ અમિરાત- U.A.E. અને શ્રીલંકા વચ્ચે સમજૂતી કરાર કરાયા. શ્રી મોદી અને શ્રી દિસાનાયકે-એ વિકાસ પરિયોજનાઓનું વર્ચ્યૂઅલ માધ્યમથી ઉદ્ઘાટન કર્યું હતું.

પ્રધાનમંત્રી મોદીને શ્રીલંકા મિત્ર વિભૂષણ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. આ અંગે શ્રી મોદીએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે , આ પુરસ્કાર મારા માટે જ નહીં પણ 140 કરોડ ભારતીયો માટે સન્માનની વાત છે. શ્રી મોદીએ જણાવયું કે, ભારત સરકાર સબ કા સાથ સબકા વિકાસનાં દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખીને પડોશી શ્રીલંકાનાં લોકોની સાથે છે.

(બાઈટ - પીએમ)

બે દિવસના પ્રવાસે શ્રીલંકા પહોંચેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું આજે કોલમ્બોના સ્વતંત્રતા ચોક પર ભવ્ય સ્વાગત કરાયું. શ્રી મોદીને ગાર્ડ ઑફ ઑનર આપી સન્માનિત કરાયા હતા. શ્રીલંકાના ઇતિહાસમાં પહેલી વાર આવા પ્રતિષ્ઠિત સ્થળ પર કોઈ વિદેશી રાજકીય અતિથિને આવું સન્માન અપાયું છે.

. . . . . . . . . . . . . . .

# PM CABINET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચાર મલ્ટિટ્રેકિંગ રેલવે પરિયોજનાઓ અને વાઈબ્રન્ટ વિલેજ પ્રૉગ્રામના બીજા તબક્કાને મંજૂરી આપવાના મંત્રીમંડળના નિર્ણયની પ્રશંસા કરી છે. સોશિયલ મીડિયા સંદેશમાં પ્રધાનમંત્રીએ કહ્યું , મલ્ટિટ્રેકિંગ રેલવે પરિયોજનાથી દેશના જોડાણ માળખામાં સુધારો થશે , સુવિધા વધશે, સંચાલનના ખર્ચમાં ઘટાડો આવશે અને પૂરવઠા શ્રેણી સુદ્રઢ બનશે.

શ્રી મોદીએ ઉમેર્યું , વાઈબ્રન્ટ વિલેજ પ્રૉગ્રામના બીજા તબક્કાથી દેશના સરહદી વિસ્તારના ગામમાં વધુ સારું જીવનસ્તર સુનિશ્ચિત કરવામાં મદદ મળશે. તેમણે કહ્યું, મંત્રીમંડળની મંજૂરી બાદ સરકાર વાઈબ્રન્ટ વિલેજ પ્રૉગ્રામના પ્રથમ તબક્કાની સરખામણીએ આવરી લેવાયેલા ગામડાઓનો વિસ્તાર વધારી રહી છે.

કેન્દ્રીય મંત્રીમંડળે ગઈકાલે રેલવે મંત્રાલયની 18 હજાર 658 કરોડ રૂપિયાની ચાર મલ્ટિટ્રેકિંગ પરિયોજનાને મંજૂરી આપી છે. વાઈબ્રન્ટ વિલેજ પ્રૉગ્રામના બીજા તબક્કાને કુલ છ હજાર 830 કરોડ રૂપિયાના ખર્ચની સાથે મંજૂરી આપવામાં આવી. આ કાર્યક્રમનો ઉદ્દેશ સમૃદ્ધ અને સલામત સરહદ સુનિશ્ચિત કરવા માટે વધુ સારી જીવન સ્થિતિ અને પર્યાપ્ત આવકની તકનું સર્જન કરવાનો છે.

. . . . . . . . . . . . . . .

# SHAH CHHATISGARH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે છત્તીસગઢના બસ્તર વિભાગમાં દંતેવાડા જિલ્લામાં આદિવાસી પરંપરાઓ અને સાંસ્કૃતિક મહોત્સવ બસ્તર પંડુમના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહેશે. શ્રી શાહ બે દિવસના છત્તીસગઢના પ્રવાસે ગઈકાલે રાયપુર પહોંચ્યા હતા. અમારા સંવાદદાતાએ કહ્યું , શ્રી શાહ રાયપુરમાં નક્સલ વિરોધી અભિયાનની સમીક્ષા કરશે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# PM JAGJIVAN RAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના પૂર્વ નાયબ પ્રધાનમંત્રી બાબુ જગજીવન રામની જયંતિ નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, વંચિતો અને શોષિતોના અધિકારો માટે બાબુ જગજીવન રામનો આજીવન સંઘર્ષ હંમેશા પ્રેરણાનો સ્ત્રોત રહેશે.

. . . . . . . . . . . . . . . .

# SONOWAL-MARITIME WALKATHON

કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે આજે નવી દિલ્હીમાં 62મા રાષ્ટ્રીય દરિયાઇ દિવસની ઉજવણી નિમિત્તે દરિયાઇ જાગૃતિ વોકેથોનને લીલી ઝંડી આપી હતી. આ પ્રસંગે સંબોધન કરતા તેમણે કહ્યું, દરેક નાગરિકે ભારતને વિકસિત દેશ બનાવવામાં યોગદાન આપવું જોઈએ. દેશને વિશ્વની સૌથી શક્તિશાળી દરિયાઇ શક્તિ બનવા યુવાનોને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા પર તેમણે ભાર મૂક્યો હતો.

( Byte : કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલ)

. . . . . . . . . . . . . . . .

# J&K:PAK INTRUDER SHOT DEAD

જમ્મુ અને કાશ્મીરમાં જમ્મુની  આંતર-રાષ્ટ્રીય સરહદ પર સુરક્ષા દળોએ એક પાકિસ્તાની ઘુસણખોરને ઠાર કર્યો છે. સરહદ સુરક્ષા દળ જમ્મુના જણાવ્યા   મુજબ, ગત  રાત્રે જમ્મુ  સરહદ પર એક ઘુસણખોરને આંતર  -રાષ્ટ્રીય સરહદ પાર કરતા જોવામાં આવ્યો હતો. સરહદ સુરક્ષા દળના પ્રવક્તાએ જણાવ્યું કે આ ઘટના અંગે પાકિસ્તાની રેન્જર્સ સમક્ષ સખત વિરોધ નોંધાવવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . . . . .

# RBI-BANKNOTES

ભારતીય રિઝર્વ બેંક-RBI 10 અને 500 રૂપિયાની નવી નોટો બહાર પાડશે. જેની ઉપર RBIના ગવર્નર સંજય મલ્હોત્રાના હસ્તાક્ષર હશે. એક યાદીમાં જણાવ્યા પ્રમાણે આ નોટોની ડિઝાઇન 10 અને 500 રૂપિયાની બેંક નોટો જેવી જ હશે. આ સાથે રિઝર્વ બેંક દ્વારા અગાઉથી બહાર પડાયેલી 10 અને 500 રૂપિયાની નોટો પણ ચલણમાં રહેશે.

. . . . . . . . . . . . . . .

# WORLD CUP BOXING

ભારતીય મુક્કેબાજ અભિનાશ જામવાલ 2025 વિશ્વ મુક્કેબાજી કપમાં પુરુષોના 65 કિલો વજન વર્ગની ફાઈનલમાં પહોંચ્યા છે. બ્રાઝિલમાં રમાનારી આ સ્પર્ધામાં જામવાલે ગત રાત્રે ઈટલીના જિયાનલુઈગી માલાન્ગાને પાંચ શૂન્યથી પરાજય આપ્યો હતો. આજે ફાઈનલમાં જામવાલ બ્રાઝિલનાં યૂરી રીસ સામે રમશે.

દરમિયાન 70 કિલો વજન વર્ગમાં ભારતના હિતેશ અને ઇંગ્લેન્ડના ઓડેલ કામરા વચ્ચે ફાઈનલ મુકાબલો રમાશે. હિતેશે ગુરુવારે સેમિ-ફાઈનલમાં ફ્રાન્સના માકન ટ્રાઓરે સામે પાંચ-શૂન્યથી જીત મેળવી હતી. આ પહેલા મનીષ રાઠોરે 55 કિલો વજન વર્ગમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

. . . . . . . . . . . . . . . .

# FUR REV SHOOTING-ISSF WORLD CUP

ISSF નિશાનેબાજીની કપ સ્પર્ધામાં મહિલાઓની 50 મીટર રાઇફલ થ્રી-પોઝિશન ઇવેન્ટમાં ભારતનાં સિફતકૌર સમરાએ સુવર્ણ ચંદ્રક જીત્યો છે. અર્જેન્ટિનાના બ્યુનોસ આયર્સ ખાતે ચાલી રહેલી આ સ્પર્ધામાં એશિયન ગેમ્સના મેડલ વિજેતા નિશાનેબાજ ચેઇન સિંહે પુરુષોની ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. 23 વર્ષના પેરિસ ઓલિમ્પિયન સિફતે 458.6 ના સ્કોર સાથે વિશ્વ કપમાં પોતાનો પહેલો સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

જ્યારે ચેઇન સિંહે ત્રણ વર્ષ પછી ISSFમાં 443.7 ના સ્કોર સાથે કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

. . . . . . . . . . . . . . . .

# IPL

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી-20 ક્રિકેટમાં આજે બે મેચ રમાશે. ચેન્નઈમાં આજે બપોરે સાડા ત્રણ વાગ્યે ચેન્નઈ સુપર કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાશે. જ્યારે ચંદીગઢમાં આજે સાંજે સાડા સાત વાગ્યે રાજસ્થાન રોયલ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મેચ રમાશે.

લખનઉમાં ગત રાત્રે રમાયેલી મેચમાં લખનઉ સુપર જાયન્ટ્સે મુંબઈ ઈન્ડિયન્સને 12 રનથી પરાજય આપ્યો હતો. લખનઉની ટીમે પહેલા બેટિંગ કરતાં 10 ઓવરમાં આઠ વિકેટ ગુમાવી 203 રન બનાવ્યા હતા. જોકે , મુંબઈની ટીમ પાંચ વિકેટ ગુમાવી 191 રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી.

. . . . . . . . . . . . . . . .